


# TRANSPORTATION OF DEAD BODY TO MORTUARY

# શબને શબગૃહમાં વહન કરવા બાબત



## મેજિસ્ટ્રેટ ધ્વારા મૃત્યુના કારણની તપાસ:

કોઈ પણ વ્યકિતનું અકુદરતી મૃત્યુ કે શંકાસ્પદ મૃત્યુ એ કાનુનનો વિષય બની જાય છે. આ માટે કલમ ૧૭૪ પોલીસ ધ્વારા કરવામા આવતી તપાસની કાર્યરીતી દર્શાવે છે. જયારે આ કલમ હેઠળ તપાસ કરવાની સતા મેજિસ્ટ્રેટને આપવામા આવી છે.

અકુદરતી કે શંકાસ્પદ મૃત્યુના કિસ્સામા પોલીસ તપાસ કરવામા આવે છે. છતા પણ, માત્ર પોલીસના અહેવાલ, તપાસ કે અભિપ્રાય પર આધાર નહિ રાખતા મેજિસ્ટ્રેટ ધ્વારા પણ મૃત્યુના કારણની ચકાસણી કરવામાં આવે તો તે યોગ્ય ગણાય, તેવા હેતુસર આ કલમ ધ્વારા મેજિસ્ટ્રેટને સતા આપવામા આવી છે. મૃત્યુનું કારણ અકસ્માત હોય, આત્મહત્યા હોય અથવા ખૂન પણ હોય કે ખૂન ન ગણાય તેવો સાપરાધ મનુષ્યવધ પણ હોઈ શકે. આ તપાસ ધ્વારા માત્ર કારણ શોધવાનું છે.

## પોસ્ટમોર્ટમ માટે લાશને મોકલતી વખતે ધ્યાનમાં રાખવાની સુચનાઓ

જયારે લાશને શબ પરીક્ષણ માટે મોકલવામાં આવે ત્યારે તેની સાથે ઈન્કવેસ્ટ રીપોર્ટની કોપી તથા પોસ્ટમોર્ટમ કરવા અંગેનો રીપોર્ટ મોકલવાનો હોય છે. જેમાં લાશને કઈ તારીખે કેટલા વાગે રવાના કરી તેનું વર્ણન, મોતનું દેખીતું કારણ અને સંજોગો કે જેનાથી મોતનાં કારણ અંગે શંકા હોય તેવી તમામ વિગતોની માહીતી મોકલવામાં આવે છે. લાશ સાથેનાં કપડા આ ઉપરાંત ઘરેણાનું ચોકકસ લીસ્ટ સામેલ રાખવાનું હોય છે ત્યાર પછી લાશને પોલીસના કર્મચારીનું નામ અને નંબર યાદીમા લખવામાં આવેલ હોય તેની સાથે મોકલવામાં આવે છે. લાશને વાસ ઉપર લટકાવવી નહીં શકય હોય તો મરનારના કોઈ સગા સંબંધીને પોલીસ કર્મચારી સાથે મોકલાવી શકાય જેથી ડોકટર તેનાથી લાશની ઓળખ સહેલાઈથી કરી શકે.

## મૃત શરીરની તપાસ : (ઈન્વેસ્ટીગેશન ઓફ ડેડ બોડી)

જયારે કોઈ અકસ્માત મોતની ઘટના બને છે ત્યારે પોલીસ અમલદાર તે બાબતની ખબર એકક્ષીકયુટીવ મેજીસ્ટ્રેટને આપી તુર્તજ બનાવવાની જગ્યાએ જઈ મૃત શરીરની તપાસ કરવી અને પોલીસ અમલદારે ત્યાં જે જોયુ, સાંભળ્યુંજાણ્યું અને કર્યુ હોય તેની નોંધ તૈયાર કરવા તેણે તપાસ કર્યાના સ્થળની અને સમયની નોંધ કરવા આ ઉપરાંત

મરનારનું નામ,
ઉંમર,
લીંગ
ઓળખનારના નામો,
મૃત્યુનો સમય વિગેરે

નોંધી વિગતવાર નોંધ તૈયાર કરવામાં અને ઈન્કવેસ્ટ ભરવા માટે સીઆરપીસી કલમ ૧૭૪ પ્રમાણે અનુસરવામાં આવે છે. બનાવવાળી જગ્યાએ પહોંચવામાં અને મૃત શરીરની તપાસમાં મોડું કરવામાં આવતુ નથી. મૃતકની આજુબાજુ લોકોને ભેગા થવા દેવા ન જોઈએ લાશની સ્થિતીમાં ફેરફાર ન થાય તે ખાસ જોવું જોઈએ બનાવવાળી જગ્યાએ મળી આવતાં અગત્યના પુરાવાઓ જેવા કે, પગ અને આંગળાની છાપો, ઝપાઝપીનાં ચિન્હો તેમજ બનાવ સ્થળે પડી રહેલ પુરાવામાં ઉપયોગી વસ્તુઓ નાશ ન થાય તે માટે તપાસ ત્વરીત કરવામાં આવેજેનાં પરિણામે તપાસમાં ફળદાયક પરિણામ મેળવી શકાય છે. મૃત શરીર સંબંધી પોલીસ તપાસને ત્રણ (પોલીસ ઈન્કવેસ્ટ) તબકકામાં વહેંચી શકાય છે.

**<u>મૃત શરીર સંબંધી પોલીસ તપાસને ત્રણ (પોલીસ ઈન્કવેસ્ટ) તબકકામાં વહેંચી શકાય છે.</u>**

૧. આજુબાજુની સ્થિતિ
૨. લાશની સ્થિતિ અને દેખાવ
૩. શરીરની બાહય તપાસ

**૧. <u>આજુબાજુની સ્થિતિ</u>**

સૌ પ્રથમ પહેલા પોલીસ અધિકારીએ ઘટના સ્થળની આજુબાજુનાં વિસ્તારનું યોગ્ય રીતે અવલોકન કરવું જોઈએ. જો લાશ રૂમમાં મળી આવી હોય તો, રૂમના બારણા ખુલ્લા હતા કે બંધ અને જો બંધ હોય તો અંદરથી બંધ હતા કે બહારથી તેની નોંધ કરવી જોઈએ જેના ઉપરથી બનાવ ગુનાહીત છે કે આપઘાતનો તે નકકી કરવામાં આવે છે. ત્યારબાદ તપાસ કરવામાં આવે છે કે મરનારનું મૃત્યુ તે જ જગ્યાએ થયેલ છે કે બીજી કોઈ અન્ય જગ્યાએ અથવા મૃત્યુ પછી લાશ ત્યાં લાવવામાં આવેલ છે કે કેમ ? ખોરાક અથવા પ્રવાહીવાળા વાસણો, પ્યાલા,શીશી, હથીયારો,કપડાનાં ટુકડાઓ, ઘરેણા,પ્રતો વગેરે ની નોંધ કરી કબજે લેવા. જેનાથી ગુન્હાનું કારણ તેમજ મૃત્યુનુ પ્રાથમિક કારણ જાણી શકાય.

**૨. <u>લાશની સ્થિતિ અને દેખાવ</u>**

પોલીસ (તપાસ અધિકારી) અમલદારનાં આવ્યા પહેલા મૃત શરીરની સ્થિતિમાં કોઈ જાતનો ફેરફાર થયેલ છે કે કેમ તેની ખાત્રી કરવી જોઈએ લાશનો દેખાવ તેના અંગ ઉપંગો અને આજુબાજુ જોવા મળતી વસ્તુઓ, કપડાની સ્થિતિ જે લોહી, ઉલ્ટી કે, વીર્યથી ખરડાયેલ છે કે કેમ ? વગેરે જેની તપાસ નોંધવામાં આવે છે ફાંસાથી લટકીને મોતનાં કિસ્સામાં ફાંસાનો પ્રકાર સંઆની જગ્યા તેવી સ્થિતી ગળામાં કેટલા આંટા મારેલા છે. ? ગાંઠ કેવા પ્રકારની છે. ગાંઠની સંખ્યા ? હાથની સ્થિતિ, હાથમાં વાળ, ઘાસ કે અન્ય કોઈ બીજી વસ્તુ પકડેલી સ્થિતિમાંછે કે કેમ ? મોઢામાંથી દારુ, અફીણકે કોઈ નશાકારક વાશ આવે છે કે કેમ ? તે બરાબર તપાસી વિગતવાર નોંધ કરવામાં આવે છે.

**૩. <u>શરીરની બાહય તપાસ</u>**

ઉપર મુજબની પ્રાથમિક તપાસ કર્યા પછી મૃતકની બાહય તપાસ શરીર પરથી કપડા દૂર નકીને કરવામાં આવે છે. મૃત શરીરનીની ઓળખ માટેનાં તમામ ચિન્હો નોંધવા, લાશ ઠંડી છે કે ગરમ ? કઠણ છે કે કેમ ? સડો થયેલ હોયતો સડાનું પ્રમાણ વગેરે બાબત બરાબર નોંધવી જોઈએ. જેનાં ઉપરથી મૃત્યુનો સમય નકકી કરી શકાય છે. શરીર ઉપરનાં જખ્મો, ઈજાઓ તેને વ્યવસ્થિત ક્રમમાં નોંધવામાં આવે છે. અગ્નિશસ્ત્રની ગોળીથી ઈજા થયેલ હોય તો ઈજાની આજુબાજુની ચામડી ઉપર મેશના કાળાશના કે છુંદણાની નિશાની છે કે કેમ ? તે તપાસવું. મૃતકની હથેળીમાં દારુગોળાનાં નિશાન છે કે કેમ તે પણ તપાસવા જોઈએ નખના ઉઝરડાની નિશાનીઓ લોહીનાં ડાઘાઓ જોવા મળે તેની પણ નોંધ કરવી જોઈએ શરીરનાં કુદરતી ખુલ્લા ભાગો જેવા કે, મોઢું, નાક,કાન, ગુદા અને ગુપ્ત ભાગોમાં આવી તમામ બહારની બાજુએ કોઈ વસ્તુ છે કે કેમ ? તેમજ ઈજાઓ છે કે કેમ તે બરાબર તપાસવી જોઈએ અને વિગતવાર નોંધ તૈયાર કરી પોસ્ટમોર્ટમ માટે ડોકટર તરફ મૃત શરીરને મોકલવાની તજવીજ કરવી જોઈએ

**<u>શબ પરીક્ષણ માટેના નિયમો:</u>**

**(૧) <u>પરવાનગી / સંમતિ / સતા</u> –**

તપાસ અધિકારી કે પોલીસ અધિકારીની લેખિત સંમતિ / પરવાનગી મળ્યેથી મેડીકો લીગલ શબ પરીક્ષણ હાથ ધરવામાં આવે છે.સંમતિપત્ર–પરવાનગી પત્રની સાથે નીચે મુજબના જરૂરી પત્રો–કાગળો સામેલ રાખવા જરૂરી છે.

**(એ) તપાસ અહેવાલ (પંચનામા)** – Inquest report (Punchnama)

તપાસ અહેવાલ (પંચનામા) :– ભોગ બનનાર વ્યકિતની નીચે મુજબની વિગતવાર માહિતી પુરી પાડે છે.

- ભોગ બનનારની ઓળખ
- ગુન્હાનું સ્થળ
- મૃત્યુનું સ્થળ
- શબ કયાં હતુ?
- શબની શરીર સ્થિતિ
- શબ કેવી રીતે હતું ?
- શબ ઉપરના કપડાની સ્થિતિ
- શબની આજુબાજુની સ્થિતિનું વર્ણન
- તપાસ અધિકારી ધ્વારા પ્રાથમિક રીતે નકકી કરેલ મૃત્યુનું કારણ

**(બી) શબ–ચલણ** – (Dead Body Challan)

(તપાસ સધિકારીએ જે બાબતે ફોર્મ ભરેલ હોય છે.)

શબ ચલણમાં નીચે મુજબની માહિતી સમાયેલી હોય છે.

- મૃતકની ઓળખ, મૃત્યુ પામ્યા તારીખ અને સમય.
- શબ– પોષ્ટમોર્ટમ માટે કયાંથી મોકલવામાં આવેલ છે તે સ્થળ વિશેની તેમજ અંતરની માહિતી.
- શબ લઈ જનાર – જવાબદાર વ્યકિત (પોલીસ કોન્સ્ટેબલ) ની માહિતી
- શબની સાથે કપડાં, દાગીના તેમજ અન્ય આર્ટિકલ જોવા મળે તેની માહિતી – યાદી.
- શબનું શબ પરીક્ષણ કરવાનું કારણ – હેતું.

મેડીકો લીગલ શબ પરીક્ષણ માટે નિયુકત કરેલ / સતા આપેલ કેન્દ્ર ધ્વારા જ હાથ ધરવામાં આવે છે.

**<u>(૨) ઓળખ</u>** <u>– Identification</u>

પોલીસ કોન્સ્ટેબલ અને મરનારના સગાં સંબંધીઓ ધ્વારા મૃતકની ઓળખ મેડીકલ ઓફિસરને કરવામાં આવે છે.

શબની / મૃતકની ઓળખ ન થઈ શકી હોય તેવા કિસ્સાંમાં –

- ફોટોગ્રાફ લેવા જોઈએ
- તેના કપડાં સાચવવા જોઈએ
- વાળ અને વાળની લંબાઈ, ચહેરો, ઉંચાઈ, વજન સહિતની ઓળખ નિશાનીઓનું વર્ણન હોવું જરૂરી છે. તમામ એવી દશ આંગળીઓની છાપ (ફિંગર પ્રિન્ટસ) લેવી જોઈએ.

### (૩) <u>બનાવ સ્થળની મુલાકાત</u>

સામાન્ય રીતે શબનું શબ પરીક્ષણ શબગૃહમાં કરવામાં આવે છે. એટલેકે શબને પરીક્ષણ અર્થે શબગૃહમાં મોકલવામા આવે છે. શબની સ્થિતિ તેમજ વાતાવરણ કે હવામાનના પ્રતિકુળ સંજોગોમાં શબની હેરાફેરી કરવામાં અવરોધ થવાના આવા સંજોગોમા. એટલેકે અનિવાર્ય સંજોગોમાં વિનંતીથી શબ પરીક્ષણ બનાવસ્થળે હાથ ધરી શકાય.

- શંકાસ્પદ કે શંકાશીલ મૃત્યુના કારણોસર મેડીકલ ઓફિસર બનાવ સ્થળની મુલાકાતની વિનંતી કરી શકે છે.
- શબની શારીરીક સ્થિતિ, કપડાં તેમજ અન્ય વસ્તુઓ, હથિયાર કે હથિયારો અને શબની આજુબાજુની સ્થિતિનું વર્ણન સહિતની માહિતી આપવી જોઈએ.

### (૪) <u>ઈતિહાસ – પૂર્વ માહિતી (History)</u>

બનાવની સંબંધિત પૂર્વ માહિતી જેવી કે –
મૃત્યુ થવાનું કારણ, મૃત્યુ થવાની રીતભાત, મૃત્યુ થવાનો સમય અને મૃત્યુ થવાના સંજોગો, આજુબાજુની પરિસ્થિતી વિ. જેવી કેસ સંબંધિત પૂર્વ માહિતી પુરી પાડવી જોઈએ.

### (૫) <u>કપડાં અને ઘરેણાંની માહિતી</u>

શબ ઉપરના તમામ કપડા, ઘરેણાં – દાગીના અને અન્ય બીજી ચીજ વસ્તુઓનો શબ પરીક્ષણ અહેવાલમાં ઉલ્લેખ કરવો જોઈએ. તેમજ આવા તમામ મુદામાલ જે તે પોલીસ કોન્સ્ટેબલને સોંપવો જોઈએ. સોંપ્યા બાબતની મેડીકલ ઓફિસરશ્રીએ પહોંચ પણ મેળવવી જોઈએ.

કપડાં કે અન્ય ચીજ વસ્તુ બાબતે જોવા મળતાં અન્ય ચિન્હો ફાટેલા કપડાંની નિશાનીઓ, ડાઘાઓ અથવા કપડાંમાં આવતી વાસની નોંધ પણ કરવી જોઈએ.

### (૬) <u>ઈજાઓની સાબિતી – (Varification of Injuries)</u>

- શબ ઉપર જોવા મળતાં ઈજાના ચિન્હો તેમજ તે અંગેની વિસ્તૃત માહિતી – તપાસ અધિકારીએ ઈન્કવેસ્ટ રીપોર્ટમાં દર્શાવવી જોઈએ.
- મેડીકલ ઓફિસરશ્રી ધ્વારા ઈજાઓ બાબતની આવી તમામ માહિતીની ખરાઈ તેમજ માપન કરવું જોઈએ.

## <u>પોસ્ટમોર્ટમ સ્થળ:</u>

**મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે શબ પરીક્ષણ અર્થે શબને બનાવના સ્થળેથી સરકારી દવાખાના, આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવે છે. પરંતુ ઘણીવાર શબની સ્થિતિ મોકલવા યોગ્ય ન હોય તો આવી કાર્યવાહી માટે સરકારી તબીબને સ્થળ ઉપર બોલાવવામાં આવે છે. મેડીકો લીગલ પોસ્ટમોર્ટમ અધિકૃત કરાયેલા સ્થળે, અધિકૃત કરાયેલા તબીબ કે તબીબોની પેનલ દ્વારા હાથ ધરવામાં આવે છે.**